# ડીસા શહેર પોલીસે વિદેશી દારૂ ભરેલી બલેનો કાર સાથે એક શખ્સને દબોચ્યો

## દારૂ તેમજ કાર સહિત ૪.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત

ડીસા શહેર પોલીસે નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન ગાયત્રી મંદિરથી વિદેશી દારૂ ભરીને જતી બલેનો કાર સાથે એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે ૪.૫૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ શખ્સો સામે ફરીયાદ નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ડીસા શહેર ઉત્તર પોલીસ મથકના પી.આઈ જે.વાય.ચૌહાણ સ્ટાફના માણસો સાથે બુધવારે નાઈટ પેટ્રોલીગમાં હતાં. જે દરમ્યાન આરટીઓ ચાર રસ્તા તરફથી આવી રહેલ GJ-27-AP-૭૦૧૭ નંબરની લાલ કલરની બલેનો કારમાં વિદેશી દારૂ આવતો હોવાની બાતમી મળી હતી. આથી પીઆઈ જે.વાય.ચૌહાણે સ્ટાફના માણસો સાથે ગાયત્રી મંદિર નજીક વોચ ગોઠવી હતી.

જેથી બાતમી મુજબની બલેનો કાર આવતા પોલીસે રોડ કોર્ડન કરી ગાડી રોકાવાનો ઈશારો કરતાં ચાલકે કારને રોડની સાઈડમાં ઉભી રાખી હતી. આથી પોલીસે કારમાં તપાસ કરતા રૂપિયા ૪૫,૬૦૦ ની કિમતની ૨૦૪ બોટલ દારૂ/બિયર, રૂપિયા સાત હજારની કિમતનો મોબાઈલ તેમજ રૂપિયા ચાર લાખની કિંમત ની બલેનો કાર મળી કુલ રૂપિયા ૪,૫૨,૬૦૦ ના મુદ્દામાલ સાથે અલ્પેશભાઈ જયંતિભાઈ પટેલ (રહે, પરષોત્તમનગર, ઈસનપુર, અમદાવાદ) ને ઝડપી પાડયો હતો.

આ અંગે ડીસા શહેર ઉત્તર પોલીસ મથકના પો.કો. સતવંતસિહ મગનસિહે બલેનો કારના ચાલક અલ્પેશભાઈ પટેલ, દારૂ ભરાવનાર નરેન્દ્રસીગ ઉર્ફે પીન્ટુ ચંદુભા સોલંકી (રહે, ખીમત, તા. ધાનેરા) અને દારૂ મંગાવનાર અરવિંદભાઈ ઠાકોર (રહે, રાયપુર દરવાજા પાસે, અમદાવાદ) સામે ગુનો નોધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ જે. વાય. ચૌહાણ ચલાવી રહ્યા છે.

# માસ્કના દંડ માટે ટ્રક-ટ્રેલર ઉભું રાખ્યું અંદરથી ૫૩ હજારનો દારૂ મળ્યો

## મોડાસા રૂરલ પોલીસને જોઈ ચાલક-ક્લીનર ભાગી છૂટ્યા






મોડાસા, તા. ૩૦

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીનો બુટલેગરો ફાયદો ઉઠાવી રહ્યા છે, બુટલેગરો નિતનવા નુસ્ખા અપનાવી વિદેશી દારૂ ઘુસાડી રહ્યા છે. મોડાસા રૂરલ પોલીસે હાલ કોરોનાની વૈશ્વિક મહામારી ફેલાતી અટકાવવા વાહનચાલકોને માસ્ક ફરજીયાત પહેરવાની અમલવારી કરાવી રહી છે ત્યારે રાજેન્દ્રનગર ચોકડી નજીક રાજસ્થાન તરફથી આવતા માસ્ક પહેર્યા વગરના વાહનચાલકોને દંડની કાર્યવાહી હાથ ધરી હતી. શામળાજી તરફથી આવી રહેલા ટ્રક-ટ્રેલરના ચાલક-ક્લીનરે માસ્ક પહેર્યું ન હોવાથી દંડ કરવા અટકાવવા જતા ટ્રક-ટ્રેલરના ચાલકે ટ્રેલર દોડવી મૂકી આગળ રોડ પર ઉભું રાખી ટ્રેલર ચાલક-ક્લીનર ઝાડી ઝાંખરામાં થઈ ભાગી જતા પોલીસે ટ્રક-ટ્રેલરમાં તલાસી લેતા કેબિનમાં સંતાડેલ ૫૩ હજાર રૂપિયાનો વિદેશી દારૂ મળી આવતા પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા રૂરલ પીઆઈ એસ.એન. પટેલ અને તેમની ટીમે રાજેન્દ્રનગર ચોકડી ખાતે શામળાજી તરફથી આવતાં વાહનોનું માસ્ક ન પહેર્યા હોય તેવા વ્યક્તિઓનું ચેકીંગ કરી દંડાત્મક કાર્યવાહી હાથ ધરી હતી તે દરમિયાન શામળાજી તરફથી આવી રહેલ ટ્રક ટ્રેઈલરના ડ્રાઈવર ક્લીનરે માસ્ક પહેરેલ ન હોવાથી દંડ કરવા માટે અને ટ્રક-ટ્રેલર સાઈડમાં લેવાનો ઈશારો કરતાં ટ્રક ચાલકે ગાડી ઉભી નહીં રાખી હિંમતનગર રોડ પર તરફ હંકારી મૂકી હતી અને આગળ જઈ ટ્રક રોડની સાઈડમાં ઉભી રાખી ખેતરોમાં ઝાડી ઝાંખરા પાછળ થઈને ભાગી ગયા હતા જેથી શંકા જતાં પોલીસે ટ્રક-કન્ટેનર ચેક કરતાં તેમાં માર્બલ ચીપ્સ ભરેલી હતી. ગાડીની કેબીનનામાંથી સંતાડી રાખેલો વિદેશી દારૂની બોટલ નંગ-૮૪ કિંમત રૂપિયા ૫૩૪૦૦નો જથ્થો જપ્ત કરી ટ્રક ટ્રેલર કી. રૂ.૧૦૦૦૦૦૦ મળી કુલ રૂ.૧૦૫૩૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર ટ્રક-કન્ટેનર ચાલક-ક્લીનર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પ્રાંતિજ ખાતે મા-દશામાની મૂર્તિઓનુ કોરોનાના ગ્રહણ વચ્ચે પણ મૂર્તિ વિસર્જન





પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં પણ પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મા દશામાની મૂર્તિઓનુ વિસર્જન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ ખાતે મા દશામાના મંદિર સહિત આગળના વિસ્તારોમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્તને લઈને માઈ ભકતોએ પાછળના ભાગેથી બોખમાં મા દશામાની મૂર્તિઓનુ વિસર્જન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ સહિત તાલુકામાં મા દશામાના વ્રતના દસ દિવસ પૂર્ણ થતા આજે વહેલી સવારે વાજતે-ગાજતા મા ની આરતી ઉતારી મા દશામાની મૂર્તિઓનુ વિસર્જન યોજાયું હતું. પ્રાંતિજમા દશામાના મંદિર સહિતના રસ્તા ઉપર પ્રાંતિજ પોલીસનો જિલ્લાના એસ.પી.ની સુચના મુજબ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને સોશિયલ ડિસ્ટન્સ અને કરફ્યુનો ભંગ ના થાય તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત મંદિર સહિત આજુબાજુમાં ગોઠવી દેવામાં આવ્યો હતો. દસ દિવસના મા દશામાના વ્રત પૂર્ણ કરી માઈ ભકતોએ પણ પ્રાંતિજ બોખ ખાતે મૂર્તિઓનુ વિસર્જન કરવા માટે ઉમટી પડયા હતા. પ્રાંતિજ પોલીસનો કડક પહેરો હોવાથી માઈ ભકતો પાછળના ભાગે ધોબીઘાટ વિસ્તારમાથી મા દશામાની મૂર્તિઓનુ વિસર્જન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ પોલીસ આગળ પહેરો ભરતી રહીને માઈ ભકતો પાછળના ભાગેથી મા દશામાની મૂર્તિ વિસર્જન કરી આવ્યા હતા. મંદિરના ટ્રસ્ટી નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા પોલીસના ચુસ્ત પહેરાને લઈને અને લોકોની આ સ્થાન સાથે પોલીસની કડક અમલલારી સાથે વિરોધ પણ કર્યો હતો. સરકારની બેવડી નિતિ સામે પણ રોષ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યુ હતું કે વ્રત પહેલા મૂર્તિઓને બજારમાં વેચાવા દેવી જોઈતી ન હતી અને માઈ ભકતો દ્વારા વ્રત કરી મૂર્તિઓનુ વિસર્જન માટે આવ્યા. પોલીસે વિસર્જન કરવા દીધુ ન હતું પણ માઈ ભકતો પાછળના ભાગે મૂર્તિ વિસર્જન કર્યું હતું.





અરવલ્લી જિલ્લાના ધનસુરામાં ધોધમાર વરસાદ - અરવલ્લી જિલ્લાના ધનસુરામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ગાજવીજ અને પવન સાથે વરસાદ વરસ્યો હતો. વરસાદ વરસતા રોડ પર પાણી ભરાયા હતા. પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

# પ્રાંતિજ તાલુકામાં અગમ્ય કારણોસર બેના મોત

## પ્રાંતિજના ઘડીના જીવણપુરા પરણિતાએ ગળેફાંસો ખાધો તો સીતવાડામા યુવતીએ એસિડ ગટગટાવી જીવનલીલાનો અંત આણ્યો

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં અગમ્ય કારણોસર એક યુવતી અને એક પરણિતાએ જીવનલીલાનો અંત આણ્યો, જેમાં સીતવાડા ગામે ૧૯ વર્ષીય યુવતિએ એસીડ ગટગટાવી લીધુ તો ઘડીના જીવણપુરા ગામની પરણિતાએ ગળેફાંસો ખાઈ જીવનલીલાનો અંત આવ્યો. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના ઘડીના પેટાપરૂ જીવણપુરામાં ૨ ૨ વર્ષીય પરણિતાએ પોતાના ઘરે કોઈપણ અગમ્યો કારણોસર ધાબાના હુક ઉપર સાડી વડે ગળાફાંસો ખાઈને જીવનનો અંત આણ્યો હતો. આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મૃતક પરણિતાના પિતાએ કરતાં પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી મૃતકને પ્રાંતિજ સિવિલ ખાતે પોસ્ટ મોર્ટમ માટે ખસેડી આગળ તપાસ હાથ ધરી હતી. પ્રાંતિજના સીતવાડા ખાતે પણ ૧૯ વર્ષીય યુવતીએ રાત્રીના સમયે પોતાના ઘરે કોઈપણ અગમ્યો કારણોસર એસીડ ગટગટાવી લેતા તેને અડધી રાત્રે હિંમતનગર સિવિલ ખાતે સારવાર હેઠળ દાખલ કરવામાં આવી હતી જયાં સારવાર દરમ્યાન મોત નિપજતા આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા સિવિલના હાજર તબીબી ડાં. દ્વારા કરતા પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# ડીસાના જલારામ આરોગ્ય ધામ નજીકથી બોલેરો જીપની ઊઠાંતરી

## ડીસા શહેર ઉત્તર પોલીસે ફરીયાદ નોધી તપાસ હાથ ધરી

ડીસા શહેરના જલારામ મંદિર નજીક આવેલ હોસ્પિટલ નીચે પાર્ક કરેલી બોલેરો કાર અજાણ્યા તસ્કરો ઉઠાવી ગયા હતાં. આ અંગે ડીસા શહેર ઉત્તર પોલીસે ફરીયાદ નોધી તપાસ હાથ ધરી છે.

પાલનપુર તાલુકાના સુરજપુરા ગામના કનુસિંહ રામસિંહ ચૌહાણ ના પુત્ર કિર્તીસિંહ (ઉ.વ.૩) બિમાર હોઈ મંગળવારે ડીસાના જલારામ આરોગ્ય ધામની બાજુમાં આવેલ ડૉ. હિરેન પટેલના ત્યાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતાં. જે દરમ્યાન કનુસિંહ ચૌહાણ GJ-01-HR-૫૪૫૮ નંબરની બોલેરો જીપ હોસ્પિટલ આગળ પાર્ક કરીને સુઈ ગયા હતાં. જો કે વહેલી સવારે પાંચ વાગ્યે હોસ્પિટલ બહાર આવતા બોલેરો જીપ નજરે પડી હતી. આથી તેઓએ રૂપિયા ત્રણ લાખની બોલેરો જીપની ચોરી થયા અંગે પરીવારને જાણ કરતાં તુરંત ડીસા દોડી આવી તપાસ કરતા કોઈ ભાળ મળી શ હતી.

આ અંગે બોલેરો જીપના માલિક ભેરસિંહ રામસિંહ ચૌહાણે ડીસા શહેર ઉત્તર પોલીસ મથકે ફરીયાદ નોધાવતા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હે.કો. ભરતસિંહ પરમાર ચલાવી રહ્યાં છે.

# અયોધ્યાપુરી ફ્લેટમાં રહેતી ૩૨ વર્ષીય મહિલાએ આત્મહત્યા કરી લેતા ચકચાર

મોડાસા, તા. ૩૦

પતિ-પત્ની લગ્નના સાત ફેરા ફરતી વખતે અગ્નિની સાક્ષીએ સાથે રહેવાના કોલ કરાર કરતા હોય છે પણ હાલના સમયમાં માનિસક સ્થિતિ પર થઈ રહેલ ફેરફારો પતિ-પત્નીના પવિત્ર અને મજબૂત સંબંધને ભૂલીને ન કરવાનું કરી દે છે. મોડાસા શહેરના મેઘરજ બાયપાસ ચોકડી નજીક આવેલા અયોધ્યાપુરી ફ્લેટમાં ચોથા માળે રહેતી ૩૨ વર્ષીય મહિલાએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી. આત્મહત્યાના બનાવના પગલે મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતક મહિલાની મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી,

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલા અયોધ્યાપુરીમાં રહેતા અને નજીકમાં ૩૨ વર્ષિયમાં મહિલાએ ગૃહકંકાશમાં આત્મહત્યા કરી લેતા પરિવાજનો પર આભ તૂટી પડ્યું હતું. અયોધ્યાપુરી ફ્લેટમાં પરિવાર સાથે રહેતી સોનલબેન ઉર્ફ ગુડ્ડી દક્ષેશભાઈ ઉપાધ્યાય (મૂળ રહે.સાઠંબા) નામની ૩૨ વર્ષીય મહિલાને તેના પતિ સાથે રસોઈકામ અને ઘરકામ અંગે ટકોર કરતા મહિલાને લાગી આવતા બુધવારે રાત્રીના સુમારે ઘરમાં રહેલા પંખા સાથે દુપટ્ટો લગાવી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી. ફ્લેટમાં મહિલાએ આત્મહત્યા કરી લેતા મહિલાના સગા-સંબંધીઓ અને આજુબાજુથી લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. મૃતક મહિલાના માસુમ બાળકોએ રોકોક્કળ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. અયોધ્યાપુરીમાં મહિલાએ આત્મહત્યા કરી લીધી હોવાની પરિવારજનોએ મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક મહિલાની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અરવલ્લીમાં કોરોનાના કપરા સમયે ૭૩ લોકો રક્તદાતા બની સાચા અર્થમાં જીવનદાતા બન્યા

## શિક્ષાનું દાન કરનારા ૩૪ સારસ્વતોએ રક્તદાન કરી ઉમદા માનવતાના દર્શન કરાવ્યા : મોડાસાના મેઢાસણ ગામે રક્તદાન શિબિર યોજાઇ : ૭૩ બોટલ રક્ત એકત્રિત કરાયું




મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લામાં થેલેસેમિયાથી પીડિતી અને ઓછુ હિમોગ્લોબીન ધરાવતી મહિલાઓને પ્રસુતિ સમયે તેમજ મેડિકલ ઈમરજન્સી સમયે રક્તની જરૂરીયાત રહેતી હોય છે ત્યારે સામાન્ય દિવસોમાં ઉપલબ્ધ થંતુ રક્ત અત્યારે કોરોના કપરા સમયે પણ રક્તદાન કરી માનવતા દર્શન કરાવી રહ્યા છે. આવા જ મોડાસાના મેઢાસણ ગામે ૭૩ લોકો રક્તદાતા બની સાચા અર્થમાં જીવનદાતા સાબિત થયા છે.

કોવિડ-૧૯ મહામારીના સંક્રમણને ફેલાતુ અટકાવવા માટે દેશમાં અનલોક અમલી છે. આ સમયગાળા દરમિયાન જિલ્લામાં રક્તની કમી ના થાય તેમજ દર્દીઓને જરૂરીયાતના સમયે રક્ત મળી રહે તે માટે તાલુકા આરોગ્ય કચેરી મોડાસા અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર મેઢાસણ દ્વારા રક્તશિબિર યોજાઈ હતી જેમાં શિક્ષાનું દાન કરનારા ૩૪ સારસ્વતોએ રક્તદાન કરી ઉમદા માનવતાના દર્શન કરાવ્યા હતા. આ ઉપરાંત તાલુકાના આસપાસ યુવાનો દ્વારા રક્તદાન કરાતા કુલ ૭૩ લોકો સેવાના કાર્યમાં સહભાગી બન્યા હતા.

કેમ્પ દરમિયાન સામુહિક આરોગ્ય કેન્દ્ર મેઢાસણ તથા આરોગ્ય કર્મચારીઓ દ્વારા કોરોનાના સંક્રમણને ધ્યાને રાખી સોશીયલ ડિસ્ટન્સ જાળવણી સાથો સાથ શરીરનું તાપમાન, જીંર મશીન અન્વયે ઓકસીજન સેચ્યુરેશનની તેમજ જરૂરી આરોગ્ય વિષયક તપાસણી અને લોકોને તકેદારી રાખવા અંગે અનુરોધ કરવામાં આવ્યો હતો.

# મોડાસાના બાજકોટ નજીક ૮૦ ફૂટ ઉંડા કુવામાં ગાય ખાબકતા જીવદયા પ્રેમીઓ અને નગરપાલિકાની ટીમે ક્રેનથી રેસ્ક્યુ કરી બચાવી



મોડાસા, તા. ૩૦

મોડાસા શહેરને અડીને આવેલ બાજકોટ દેવરાજ સીટી નજીક અવાવરૂ કુવામાં ગાય ખાબકતા સ્થાનિક લોકોએ જીવદયા પ્રેમી નિલેશ જોશી, પ્રવીણ પરમાર અને તેમની ટીમને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ૮૦ ફૂટ અવાવરૂ કુવામાં કણસતી ગાયને કાઢવા માટે ક્રેનની જરૂર જણાતા મોડાસા નગરપાલિકાની ટીમનો સંપર્ક કરવામાં આવતા નગરપાલિકાની ટીમ ક્રેન સાથે પહોંચી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી ભારે જહેમત બાદ ગાયને ક્રેન મારફતે બહાર કાઢવામાં આવી હતી. ઉંડા કુવામા ખાબકેલી ગાયને જીવદયા પ્રેમીઓ અને નગરપાલિકાની ટીમે બચાવી લેતા લોકોએ સરાહના કરી હતી.

# મોડાસા તાલુકાના દધાલિયા ખાતે આવેલ કકરાઈ માતાજીનું મંદિર

## આવા વાતાવરણમાં આ મીની મહાબળેશ્વર જેવો જોવાનો લ્હાવો અદ્‌ભૂત અને અવિસ્મરણીય કરાવે છે




મોડાસા, તા. ૩૦

શ્રી કકારાઈ માતા મોડાસા તાલુકાના દધાલીયા-વરથુ પંથકમાં આવેલી અરવલ્લીની ડુંગરમાળામા બીરાજેલા છે. આ સુંદર સ્થળને 'મીની પાવાગઢ' તરીકે પણ ઓળખવામાં આવે છે, આ કકરાઈ માતાનુ મંદિર મોડાસાથી લગભગ ૨૨ કિમી દુર છે. જંગલ અને ડુંગરો વચ્ચે આવેલા કાકારાઈ માતાના મંદિર સુધી પહોંચવાનો માર્ગ ખૂબ જ સુંદર છે. પર્વત પર ઉભા રહી કુદરતની સુંદરતા નિહાળી શકો છો, આ મંદિર સુધી પહોંચવા માટે તમારે ખાનગી વાહનો દ્વારા જવું પડશે. કકરાઈ માતાનુ મંદિર ટોચની ટેકરી પર સ્થિત હોવાથી તમે ત્યાં આસપાસ આવેલા ગામડાઓ અને ખેતરોના સુંદર દશ્ય જોઈ શકો છો, કહેવાય છે કે આ મંદિરની સ્થાપના વિક્રમ સંવત-૧૬૪૮મા દધાલીયાના પ્રથમ સુર્યવંશી રાજવી રાવત બિછાજી (રેંછાજી)ના હસ્તે કરવામાં આવી હતી. માટી, છાણ તેમજ ધાતુથી નિર્મિત માતાજીની મૂર્તિ ધરાવતુ આ મંદિર શરૂઆતમા નાનું હતું, પરંતુ હવે તેમા વખતો વખત સુધારા કરી મંદિર મોટુ બનાવવામાં આવ્યુ છે. માતાના ભક્તો અહીં દર્શન માટે વિવિધ સ્થળોથી આવે છે, આ મંદિરમાં હિન્દુ સમાજની કેટલીક જાતિઓ પોતાના બાળકોની બાધા ઉતરાવવા આવતાં હોય છે, મંદિરના સુંદર, શાંત અને વિશાળ પરિસરમાં પહોંચતાજ આધ્યાત્મિક અહેસાસ થાય છે. સવારનો અને સાંજનો સમય આ સ્થળ પર જવાનો સંતોષકારક સમય છે આ સ્થળે જવા માટે માર્ગો ઉબડખાબડ હોય સહેલાણીઓની જવા માટે ભારે તકલીફ વેઠવી પડે છે.

# હિંમતનગરમાં રીક્ષાસ્ટેન્ડ ફાળવવા બાબતે તંત્રની ઘોર ઉદાસીનતા

## રીક્ષા એસોસીએશન દ્વારા દસ વર્ષથી કરાતી માંગણી અંગે નિર્ણય લેવાતો નથી

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગર શહેરનો છેલ્લા દસ વર્ષમાં જે વિકાસ થયો છે તેની સાથે માનવ વસ્તી વધી રહી છે અને કેટલાક પરીવારો ગુજરાન ચલાવવા માટે સીએનજી રીક્ષા ચલાવીને આજીવિકા રળી રહ્યા છે પરંતુ તેમના માટે શહેરમાં જોઈએ તેટલા રીક્ષા સ્ટેન્ડ ફાળવવામાં આવ્યા નથી જેને લઈને ઘણી વખત રીક્ષાચાલકોને મેમો અને દંડ ભરવો પડે છે. જે પરોજણમાંથી બચવા માટે હિંમતનગર રીક્ષા એસોસીએશન દ્વારા દસ વર્ષથી કાયમી ધોરણે રીક્ષા સ્ટેન્ડ ફાળવવાની માંગ કરી હોવા છતાં તંત્ર કંઈ જ કાર્યવાહી કરતુ નથી તેમ છતાં બુધવારે આ સંદર્ભે કલેક્ટરને આવેદનપત્ર આપી રીક્ષા સ્ટેન્ડ ફાળવવા માંગ કરાઈ છે.

આ અંગે ઓટોરીક્ષા એસોસીએશન વતી પ્રમુખ મનુભાઈ રાજપુતના જણાવાયા મુજબ હિંમતનગરમાં અત્યારે લગભગ ૧ હજારથી વધુ સીએનજી રીક્ષાઓ ફરે છે જેના લીધે તેમના પરીવારનું ગુજરાતન ચાલે છે પરંતુ દિવસે અને રાત્રે ધંધો કરતા આ રીક્ષા ચાલકો માટે નગરપાલિકા અથવા તો કલેક્ટર કચેરી દ્વારા સત્તાવાર રીતે કાયમી રીક્ષા સ્ટેન્ડ માટેની જગ્યા ફાળવવામાં આવી નથી અને જે રીક્ષા સ્ટેન્ડ ફાળવવામાં આવ્યા છે તે સ્થળે લારી ગલ્લાઓવાળા તથા અન્ય ખાનગી વાહનોના દબાણોને કારણે રીક્ષા ચાલકોને ગમે ત્યા ઉભા રહેવુ પડે છે. જેના લીધે ઘણી વખત આવા રીક્ષા ચાલકોને આરટીઓના મેમો તથા ટ્રાફીક પોલીસ દંડ ફટકારે છે. પરંતુ કેટલાક રીક્ષાચાલકો પાસે રીક્ષામાં ઈંધણ પુરાવવા જેટલા પૈસા ન હોવાથી તેમને કાકલુદી કરવાનો વખત આવે છે. પરંતુ તેમની લાગણી સમજવામાં આવતી નથી. આ સંદર્ભે રીક્ષા એસોસીએશન દ્વારા દસ વર્ષથી કાયમી રીક્ષા સ્ટેન્ડ ફાળવવા માટે કરાયેલી રજુઆતને કોઈ અધિકારી કાને ધરતા નથી તેમ છતા બુધવારે રીક્ષાચાલક એસોસીએશને આશા રાખી કલેક્ટરને લેખિત રજુઆત કરી છે.